# શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં ફાયર વિભાગ દ્વારા ૨૯૩ દુકાન-ઓફિસ સીલ

### કોરોના કાળમાં વેપાર-રોજગાર માંડ શરુ થતા દુકાનો સીલ થતા વેપારીઓમાં રોષ ભભુક્યો






ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ફાયર વિભાગ દ્વારા સેકટર-૧૧ ખાતે આવેલા અભિષેક બિલ્ડીંગ, હવેલી આર્કેડ, શાલીન અને સુમન ટાવરના મળીને કુલ ૨૯૩ એકમોને સીલ મારવામાં આવ્યા છે. ફાયર વિભાગની સીલીંગની કાર્યવાહીને પગલે વેપારીઓમાં છુપો રોષ ભભુકી ઉઠ્યો છે. તો બીજીતરફ ફાયર વિભાગની સીલીંગની કાર્યવાહીને બ્રેક મારવા પણ સતત પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે આગામી સમયમાં પણ ઝુંબેશ ચાલુ રહેશે અને શહેરના અન્ય એકમો સામે પણ સીલીંગની કાર્યવાહી યથાવત રહેશે.

કોરોનાકાળમાં વ્યકિતના વેપાર-ધંધા ઠપ થઈ ગયા છે. કોરોનામાં વ્યકિતની માનસિક અને આર્થિક સ્થિતિ સારી નથી. તેવા સંજોગોમાં વ્યકતિઓ માંડ વેપાર-રોજગાર શરુ કરીને ધંધે વળગ્યા હતા. ત્યારે શહેરના સેકટર-૧૧ ખાતે આવેલા વાણીજ્ય કોમ્પ્લેક્ષ ખાતે અચાનક ફાયર વિભાગ દ્વારા સીલીંગ કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. રાજયમાં આગના બનાવને પગલે ફાયર વિભાગ દ્વારા શહેરના એકમોને ફાયર સેફટી મુદ્દે નોટીસ આપવામાં આવી હતી. પરંતુ નોટીસની સતત અવગણના થતા ફાયર વિભાગે લાલ આંખ કરી હતી. ફાયર વિભાગે છેલ્લા ત્રણ દિવસમાં અભિષેક, હવેલી આર્કેડ, શાલીન અને સુમન ટાવરમાં આવેલી ઓફિસ, દુકાનો, જીમ અને લાયબ્રેરી સહિત ૨૯૩ એકમો સામે સીલીંગની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં અભિષેક બિલ્ડીંગમાં ૪૨ ઓફિસ અને ૪૨ દુકાનો, હવેલી આર્કેટડમાં દુકાન-ઓફિસ મળને કુલ ૫૪, શાલીનમાં ૭૮ અને સુમન ટાવરમાં ૭૫ દુકાન-ઓફિસને સીલ મારી દેવામાં આવ્યા છે. વેપારીઓ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવા છતા સીલીંગ કાર્યવાહી ન અટકતા તેઓ પણ ચિંતામાં મુકાયા છે. ત્યારે આગામી દિવસોમાં પણ શહેરના ફાયર એનઓસી વિના ધમધમતા એકમો પર તંત્રની તવાઈ આવશે તે નકકી છે. ત્યારે અચાનક ફાયરની કામગીરીને લઈ વેપારીઓમાં છુપો રોષ પણ જોવા મળી રહ્યો છે.

# શહેરમાં ઠંડીનો પારો ગગડયો લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી

### ઠંડીનુ જોર વધતા નાગરિકો ગરમ કપડામાં લપેટાયા : વહેલી સવારે અને રાત્રિના સમયે આકરી ઠંડીનો ચમકારો : ગઇકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨.૫ ડીગ્રી ગગડયો

ગાંધીનગર તા ૧૬

શહેરમાં શિયાળાની મોસમ નિખરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનો મિજાજ નરમ પડી ગયો હતો જયારે આજે ઠંડીનો પારો અચાનક ૨.૫ ડીગ્રી ગગડયો હતો. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ઉંચકાયુ હતુ. અલબત્ત ઠંડીનો પારો ૧૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો.વહેલી સવારે અને રાત્રિના સમયે આકરી ઠંડીના ચમકારાથી જનજીવનમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો. નગરના માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં રાત્રિના સમયે ઠંડીની અસરથી સુનકાર જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં ઠંડીનો પારો આજે ૨.૫ ડીગ્રી ગગડયો હતો. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ વધતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જો કે દિવસનુ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ. બે દિવસના વાતાવરણ પલ્ટા દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો જયારે વરસાદી ભીંજારાની અસર વચ્ચે દિવસ દરમિયાન ઉકળાટ અનુભવતા નગરજનોએ જાણે ઠંડી અદ્રશ્ય થઇ ગઇ હોવાનો અહેસાસ કર્યો હતો. જયારે હવે ધીમે ધીમે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. ડિસેમ્બર મહીનો અડધો પુરો થયો છે ત્યારે હવે મોસમ પણ ઠંડા ઠંડા કુલ કુલ થવાના મુડમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રી ઉપર રહેતુ હતુ જેના લીધે દિવસ દરમિયાન નગરજનો જાણે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરતા હતા. જયારે ગઈકાલે પણ ઠંડીનો પારો ૧૬.૫ ડીગ્રી રહ્યો હતો. ગત સપ્તાહ દરમિયાન મોસમનો મિજાજ વિચિત્ર રહ્યો હતો ઠંડી ગરમીની અસર વચ્ચે વરસાદ પણ ભળતા નગરજનોએ ત્રેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. જયારે બે દિવસથી હવે ઠંડીનો પારો ઉંચકાય રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ઉંચકાયુ હતુ. જેના લીધે વહેલી સવારથી જ વાતાવરણમાં ઠંડીનો ચમકારો વર્તાયો હતો. જયારે સાંજ ઢળતા પણ વાતાવરણમાં ઠંડીનુ જોર પ્રવર્તયુ હતુ. કોરોના કાળમાં ઠંડીની સિઝનમાં શરદી ઉધરસના દર્દીઓ પણ વધ્યા છે. જયારે કોરોના માટે ઠંડી ફેવરેબલ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે વધતી ઠંડીની અસરથી બચવા માટે નગરજનો વિશેષ જાગૃત બન્યા છે. ઠંડીની અસરથી શહેરના જનજીવનમાં પણ રાત્રિ દરમિયાન સન્નાટો જોવા મળે છે. આમ પણ કોરોનાના સંક્રમણથી બચવા માટે નાગરિકો બિનજરૂરી ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ઠંડીની અસરથી રાત્રિના સમયે આમ પણ સેકટરોના આંતરિક વિસ્તારમાં કરફયુ જેવા જ દ્રશ્યો સર્જાય છે. ઠંડીની મોસમમાં સવારના તાજગીસભર માહોલમાં મોર્નિંગ વોક કરનારાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# પાર્ટલી બી.યુ. પરમિશન સરકારના કયા નિયમોને આધારે અપાય છે : પિન્કીબેન

### વહીવટીતંત્ર ચૂંટાયેલી પાંખના સદસ્યોના પત્રોના જવાબ કે ફોન કરી વાત કરવાનો વિવેક ના દાખવતાં પિન્કીબેન ખિજાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં પાર્ટલી બી.યુ. પરમિશન સરકારના કયા પરિપત્રને આધારે આપવામાં આવે છે તેની વિગતો કોંગીના કાઉન્સીલર પિન્કીબેન પટેલે મ્યુનિ. કમિશનરને એક પત્ર લખી માંગી છે.

તેમણે તેમના આ પત્રમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના ફોન આવે તો વ્યસતતાના સમયે તે મિસ થાય તો પાછળથી ફોન કરી તેમની રજુઆત સાંભળવી, ચૂંટાયેલા પ્રતિનિધિઓને સમયમર્યાદામાં જવાબ મળી જાય આ બધી બાબતો અંગે રાજ્ય સરકારે વારંવાર પરિપત્રો કરી અને સૂચનાઓ આપી છે આમ છતાં આપના તંત્રમાં નથી પત્રનો જવાબ મળતો કે નથી ફોન કરવાની તસ્દી તમારા અધિકારીઓ લેતા. આ પ્રકારનો વિવેક કે ઔચિત્ય ભંગ સાંખી શકાય નહિ. આ બાબતને આપ ગંભીરતાથી લેશો તેમજ આ માટે કાર્યવાહી કરશો તેવી અપેક્ષા રાખુ છે.

પિન્કીબેન પટેલે જણાવ્યુ છે કે સે. ૧૧માં એક બિલ્ડીંગમાં પાર્ટલી બી.યુ. પરમિશન આપવાની બાબત તેમના ધ્યાને આવી છે. જી.ડી.સી.આર.ના નિયમ મુજબ આવી મંજૂરી આપી શકાય નહિ પણ સરકારે કોઈ સુધારો કર્યો છે કે કોઈને છાવરવા

● અનુસંધાન પાન-૭ પર

## હડતાળ પર ઉતરેલા ઈન્ટર્ન તબીબોએ હડતાળ પાછી ખેંચી

### નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાથે મોડી સાંજે યોજાયેલી બેઠકની ફળશ્રુતિ

ગાંધીનગર, તા.૧૬

સમગ્ર રાજયની સરકારી મેડિકલ કોલેજો અને જી.એમ.ઇ.આર.એસ હસ્તકની કોલેજના ઈન્ટર્ન તબીબો દ્વારા શરૂ કરાયેલ હડતાળ સંદર્ભે આજે તબીબી પ્રતિનિધિઓની નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સાથે બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તબીબી પ્રતિનિધિ મંડળના સભ્યોની માંગણી અને રજુઆત ઉપરાંત પ્રત્યેક મુદ્દાઓ સંદર્ભે લંબાણપૂર્વક ચર્ચા કરી હતી. આ બેઠકમાં તબીબોના પ્રશ્નો અંગે વ્યાજબી અને યોગ્ય નિરાકરણ લાવવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ હૈયાધારણા આપી હતી અને કોરોનાની આ મહામારીનાસમયમાંડોક્ટરોની ફરજ દર્દીઓની સેવા કરવાની છે

● અનુસંધાન પાન-૭ પર

# પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્વચ્છતા અભિયાન સઘન બનાવવા ડીડીઓની તાકીદ

ગાંધીનગર, તા. ૧૬

પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે જે લાભાર્થી બાકીમાં છે તે અંગે તાત્કાલિક સર્વે કરવા અને જિલ્લામાં એકપણ લાભાર્થી યોજનાથી વંચિત ના રહી જાય તે જોવા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે તાલુકા વિકાસ અધિકારીઓને જણાવ્યુ છે.

આજે સમીક્ષા બેઠક દરમ્યાન તેમણે ઓડિટ પેરા, તુમાર સહિતના જે પ્રકરણો નિકાલમાં બાકી હોય તે માટે ખાસ ઝુંબેશ હાથ ધરી નિકાલ કરવા પણ આગ્રહ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે કોરોનાની આ મહામારીના સમયમાં સ્વચ્છતા જળવાય તે પણ જરૂરી છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરેક તાલુકા દીઠ પાંચ ગામોમાં ડોર ટુ ડોર ઘન કચરાના નિકાલની કામગીરી કાર્યન્વીત કરવામાં આવે એટલુ જ નહિ આ કામગીરી માટે જરૂર પડ્યે સ્વસહાય જૂથોને આ માટે સાંકળી અને કામગીરી નમૂનારૂપ બને તે જોવુ જોઈએ.

સુશ્રી દુહાને દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે વર્મી કમ્પોઝડ પ્લાનની કામગીરી તાત્કાલિક શરૂ કરવા માટેની સૂચના પણ આ બેઠકમાં આપી હતી.

ગ્રામીણ વિસ્તારના સર્વાંગી વિકાસ માટેની કટિબદ્ધતાને દોહરાવતા ૧૪મા નાણાંપંચની બિન આયોજીત રકમ ૩૧મી ડિસે. સુધીમાં માર્ગદર્શક સૂચનાઓ મુજબ કામો કરવામાં આવે. તેમણે ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી પંચાયત કક્ષાએથી આયોજન થઈ આવેલા કામોની મંજૂરી આપવામાં આવે. આ બાબતે તેઓ તંત્રની ઉદાસીનતાને સાંખી લેશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર




ઉત્તરાયણનું કાઉન્ટ-ડાઉન : પતંગ પ્રેમીઓનું પ્રિય પર્વ ઉત્તરાયણ... હવે ગણતરીના દિવસોમાં આવશે... આ વર્ષે કોરોના સામે સાવચેતીના સૂત્રો સાથે પતંગ બની રહ્યા છે... માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝરના સંદેશ આપતા પતંગો આ વર્ષે આકાશમાં ઉડશે...

# શહેર-જિલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડો

### જિલ્લામાં ૪૭ નવા કેસ નોંધાયા છે તેમાં ૨૬ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૨૧ કેસ ગાંધીનગર શહેરમાંથી મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં લગભગ ૧૫૦ ટકા વધુ દર્દીઓ રિકવર થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

આજે જિલ્લામાં ૪૭ દર્દીઓ સંક્રમિત થયા છે જયારે ૮૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૮ દર્દીઓ રિકવર થયા છે તો ગાંધીનગર શહેરમાં ૩૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં ૪૭ નવા કેસ નોંધાયા છે તેમાં ૨૬ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૨૧ કેસ ગાંધીનગર શહેરમાંથી મળી આવ્યા છે. જિલ્લામાં હવે ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો હોવાનું તંત્રના સૂત્રો માની રહ્યા છે. હોસ્પિટલના એડમીશન રેટમાં પણ ઘટાડો થવા પામ્યો છે. આજે નોંધાયેલા કેસોમાંથી માત્ર પાંચ દર્દીઓને જ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના જે ૨૬ કેસ નોંધાયા છે તેમાં ૧૩ કેસ ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે. દહેગામમાંથી ૨ કેસ, માણસામાંથી ૬ કેસ અને કલોલમાંથી ૫ કેસ મળી આવ્યા છે.

### જિલ્લામાં કોરોનાના ઘટાડાના સંકેતો સાથે આજે નવા દર્દી કરતાં ડિસ્ચાર્જ થનાર દર્દી વધુ : ગાંધીનગર તાલુકામાં ૧૩, દહેગામમાં ૨, માણસામાં ૬, કલોલમાં ૫ કેસ : સે. ૨ અને સે. ૭ માં ૪-૪ કેસ સહિત ૨૧ કેસ

જિલ્લામાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે પણ કલોલ અને ગાંધીનગરમાં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતામાં છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણ ગામમાંથી આજે ૪ કેસ મળી આવેલ છે. વાવોલમાંથી બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સરઢવ, વાસણા હડમતિયા, ડભોડા, કોલવડા, રૂપાલ, વાસણ અને સુઘડ ગામેથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં અર્બન વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં લોદરામાંથી બે કેસ ઉપરાંત સમૌ, પારસા, પુંધરા, મંડાલી ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલમાં સેરીસા ગામેથી બે કેસ મળવા ઉપરાંત છત્રાલ, રકનપુર અને કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી કેસો મળી આવેલ છે.

જિલ્લામાં આજે ૪૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૩૨૯૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૫૪ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જયારે ૧૧,૨૦૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થવા પામ્યો છે. આજે શહેરમાંથી ૨૧ કેસ મળી આવ્યા છે. જો કે કેસોની સંખ્યામાં ચડાવ-ઉતારની સ્થિતિ પર તંત્ર વધુ સતર્ક બન્યુ છે અને પરિસ્થિતિ અંગે ચાંપતી નજર રાખી રહેલ છે.

આજે નોંધાયેલા ૨૧ કેસમાં ૧૦ મહિલા દર્દીઓ છે. આ ઉપરાંત જે સેક્ટરો કોરોના માટે સંવેદનશીલ બનેલા છે ત્યાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

આજે નોંધાયેલા દર્દીઓમાં બે શિક્ષક, તબીબ, એએસઆઈ, બિલ્ડીંગ મટિરિયલ્સના વેપારી, નાયબ સેક્શન અધિકારી તેમજ કોન્ટ્રાક્ટરનો સમાવેશ થાય છે. આજે માત્ર ૧ જ દર્દીને સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૨ અને સે. ૭ માંથી ૪-૪ કેસ ઉપરાંત જીઈબી, સે. ૨૬, સે. ૨૯ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૧, ૨૧, ૪, ૧૬, ૧૭, ૫ અને સે. ૨૮ માંથી કેસ મળી આવેલ છે.

આ પખવાડિયામાં પહેલીવાર આજે ૩૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૮૮ ટકાથી વધુ રહ્યો છે. શહેરમાં આજે પણ ૨૨૫ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# શહેરમાં કંગાળ ફુટપાથની દશા સુધારવા સમારકામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧૬

શહેરમાં લાંબા સમયથી વોક વે ની હાલત અત્યંત કંગાળ છે. વરસાદી પાણીની નિકાલ માટે ખોદકામના અંતે ફુટપાથ વેરણ બની છે. ફુટપાથ પરની ટાઈલ્સો ઉખડી ગઈ છે. જયારે સેકટરોમાં પ્રવેશવા માટે શોર્ટ કટસ શોધવા માટે પણ ફુટપાથને નુકશાન પહોંચાડવામાં આવ્યુ છે. ત્યારે ફુટપાથના ગાબડા પુરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા કામ હાથ ધરાયુ છે. હાલ નગરના ચ માર્ગ પર ફુટપાથ રીપેરીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં લાંબા સમયથી ફુટપાથની દશા બેઠી છે.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું



મારા ધર્મપત્નિ
હજીયાણી હલીમાબેન ગુલામહુસેન શેખ
નું તા. ૧૪-૧૨-૨૦૨૦ સોમવારના રોજ ખુદાની રહેમતમાં પહોચી ગયેલ છે. તેમનું બેસણું તા. ૧૭-૧૨-૨૦૨૦ ગુરૂવારના રોજ સવારે ૯થી ૧૨ સુધી નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.
સ્થળ : હરિનગર સોસાયટીની સામે, દરગાહની બાજુમાં, વાવોલ, તા. જિ. ગાંધીનગર. મો. : ૯૮૨૪૧ ૨૮૬૩૨
લિ. ગુલામહુસેન કે. શેખ (જી. કે. શેખ)
ડેપ્યુટી એકાઉન્ટન્ટ (નિવૃત્ત), પાટનગર યોજના ભવન, ગાંધીનગર.
યુસુફભાઈ ગુલામહુસેન શેખ (પુત્ર) - ૯૯૦૪૧ ૫૫૪૯૨
મહંમદરફીક ગુલામહુસેન શેખ (પુત્ર) - ૯૭૩૭૭ ૨૩૫૬૬

૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત
BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ
હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
UltraTech CEMENT
The Engineer's Choice
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com